ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૯૨/૧૯-૨૦/ ૪૭૧ તારીખ : 24 JAN 2020

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ધનજીભાઈ ત્રિકમભાઈ મકવાણા,**
મુ.ખેરાળી, ઠે. વણકરવાસ,
તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગર.
**મો.નં. ૮૧૬૦૪૪૨૮૫૬.**

કેસ નં.૯૨/૧૯-૨૦

**વિષય : ઘર વપરાશના બીલમાં ભુલ અંગે**

**સંદર્ભ** : (૧) આપનો પત્ર અત્રેની કચેરીને મળ્યા તા.૧૯/૧૧/૨૦૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૨/૧૯-૨૦/૪૬૬૦ તા.૨૨/૧૧/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૯૨/૧૯-૨૦/૫૨૦૨ તા.૨૪/૧૨/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૦૭/૦૧/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**(એમ. પી. સોલંકી)**
**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**
૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, પેટા વિભાગીય કચેરી, **સુરેન્દ્રનગર ગ્રામ્ય.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૯૨/૧૯–૨૦ ☜

વાદી :– શ્રી ધનજીભાઈ ત્રિકમભાઈ મકવાણા

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– ૦૭.૦૧.૨૦૨૦ ◈

હાજર રહયા :– શ્રી સુરેશભાઈ ધનજીભાઈ મકવાણા – (વાદીનાં પુત્ર)

પ્રતિવાદી :– શ્રી એચ. ડી. સીસોદીયા, સુપ્રી. એકાઉન્ટ, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

શ્રી ધનજીભાઈ ત્રિકમભાઈ મકવાણા, મુ.ખેરાળી, તા.વઢવાણ, જી.સુરેન્દ્રનગરની ઘર વપરાશના બીલમાં ભુલ અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૯૨/૧૯–૨૦ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૯૨/૧૯–૨૦/૪૬૬૦ તા.૨૨.૧૧.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૦૭.૦૧.૨૦૨૦ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ, જેમાં વાદી વતી તેમના પુત્ર શ્રી સુરેશભાઈ ધનજીભાઈ મકવાણા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફેશ્રી એચ. ડી. સીસોદીયા, સુપ્રી. એકાઉન્ટ, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો અરજદારે અમારા વીજળી બીલમાં નાણાકીય ભુલો અને સમજમાં ન આવતાં ચાર્જ બાબતે સમજાય તે હેતુથી નાણાકીય બાબત સ્પષ્ટ થાય અને ભરવામાં આવતા ચાર્જની સમજણ પડે તે માટે લેખિતમાં તા.૧૫–૦૯–૨૦૧૭ થી ૨૬–૬–૨૦૧૯ સુધીના તમામ વીજળી બીલમાં વપરાયેલ વીજયુનિટ તથા જે તે વખતના લાગુ પડતા ચાર્જ સાથે ભરવાના થતાં નાણાનું સ્ટેટમેન્ટ સરળ અને સીધી રીતે સમજાય તેવી માંગણી પીજીવીસીએલ સુરેન્દ્રનગરમાં લેખિતમાં કરેલ હોય તો પણ આજ દિવસ સુધીમાં અરજદાર ગ્રાહકને કોઈ પણ પ્રકારનો સંતોષકારક જવાબ મળ્યો

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

નથી. અને ગ્રાહકોની લેખિત રજુઆત ઉપર પણ કોઈ ઘટતી કાર્યવાહી કરવામાં આવતી ન હોય એવું અમો અરજદારને લાગી રહયું છે.

૧.૨ ઉપરોકત રજુઆતની સાથે સાથે અમારી તમામ પ્રકારની રજુઆતો સંદર્ભદર્શિત પત્રમાં વિગતવાર દર્શાવેલ છે જેની આજ સુધીમાં નોંધ પણ લેવામાં આવેલ નથી તથા રજુઆત બાબતે કોઈ ઘટતી કાર્યવાહી પણ થયેલ નથી. તો આપ સાહેબને આ લેખિત રજુઆતની સાથે સુરેન્દ્રનગરમાં કરેલ લેખિત રજુઆતોની નકલો પણ મોકલીએ છીએ અને આપ સાહેબ અમારી લેખિત રજુઆતની તમામ બાબતોને ગંભીર સમજી ન્યાયની દિશામાં અને સમયની મર્યાદામાં ગ્રાહકને સંતોષકારક જવાબ મળે તથા જવાબદાર અધિકારીઓ ગ્રાહકને જવાબદેહી બને અને ગ્રાહક અને પીજીવીસીએલનાં સુમેળભર્યા વ્યવહાર રહે એવી આપ સાહેબ પાસે અમો અપેક્ષા રાખીએ છીએ.

૧.૩ વધારેમાં જણાવવાનું કે અમો અરજદાર ગ્રાહક નાણાકીય ભુલો બાબતે ભરેલા નાણાની પહોંચો પણ રજુ કરીએ છીએ, તો પણ ન્યાય ન મળતો હોય તેવી પરિસ્થિતિ અનુભવી રહયા છીએ અને એવું લાગી રહયું છે કે પીજીવીસીએલમાંથી ન્યાયની અપેક્ષા રાખીએ એ પણ વ્યર્થ દેખાવા લાગે છે. અન્યથા ન્યાય માટે અમો અરજદાર ગાહક કદાચ ગ્રાહક સુરક્ષા કચેરીનો પણ સહારો લેવો પડે તેવી પરિસ્થિતી ના સર્જાય તેવી આપ સાહેબને નમ્ર વિનંતી કરીએ છીએ.

૧.૪ ઉપરોકત લેખિત રજુઆતને ધ્યાને લઈ ઘટતી કાર્યવાહી કરવા આપ સાહેબને નમ્ર વિનંતી છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ ધનજીભાઈ ત્રિકમભાઈ મકવાણા એ રજુઆત કરેલ છે કે, તેઓના વીજબીલમાં એલ.ઈ.ડી. લેમ્પ નહી લેવામાં આવેલ હોવા છતાં હપ્તા પેટે રકમ રૂા.૧૫૦/– ચાર વખત મળીને કુલ રૂા.૬૦૦/– ઉધારવામાં આવેલ છે, જે રકમ પીજીવીસીએલ, રૂરલ કચેરી દવારા ઉધારવામાં આવેલ નથી.

૨.૨ સદર બાબતે જણાવવાનું કે સદર રકમ એલ.ટી. બીલીંગ સીસ્ટમમાં આપવામાં આવેલ ઉજાલાની લીકમાં એન્ટ્રી આપવામાં આવેલ છે. જે મુજબ ઉજાલા ના રીફન્ડ પ્રોસેસ રીપોર્ટમાં તા.૦૮.૦૫.૨૦૧૯ ના રોજ જમા આપવામાં આવેલ છે અને વીજબીલના કુલ રકમના સરવાળામાં કે ગ્રાહકના લેજરમાં કોઈપણ રકમ એલ.ઈ.ડી. લેમ્પ તરીકે બાકી આવેલ નથી.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી ધનજીભાઈ ત્રિકમભાઈ મકવાણા ગામ–ખેરાળી, તા.વઢવાણમાં ઘરવપરાશનું ગ્રાહક નં.૨૫૯૧૬/૦૦૭૫૧/૦ થી વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને આજરોજ મૌખિક રજુઆત મુજબ તેઓએ ૫ નંગ L.E.D. લેમ્પ રોકડ રકમ ચુકવી અને ખરીદેલ, પરંતુ પ્રતિવાદીએ તેના વીજ ખાતામાં રૂા.૧૫૦/– દર બીલીંગે જુલાઈ–ઓગસ્ટ–'૧૮ થી જાન્યુ–ફેબ્રુ–૧૯ દરમ્યાન વસુલેલ છે. જે હજી પણ રજુઆત કરવા છતાં રીફન્ડ/ જમા આપેલ નથી.

૩.૩ પ્રતિવાદીએ રજુ કરેલ રેકર્ડ મુજબ 'ઉજાલા રીફન્ડ' હેઠળ વાદીને રૂા.૬૦૦/– જમા મળવાપાત્ર છે, જે વાદીનાં ખાતામાં ક્રેડીટ એડજસ્ટમેન્ટ આપી જમા આપવામાં આવશે, જે માટે પ્રતિવાદીની જરૂરી કાર્યવાહી ચાલુ છે.

**<u>–:: હુકમ ::–</u>**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદીએ વાદીનાં ખાતામાં ઉધારેલ L.E.D. લેમ્પની રકમ રૂા.૬૦૦/– બે માસમાં જમા આપવા.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

| | | |
|---|---|---|
| | ગેરહાજર | |
| **(બી. જે. દવે)** | **(પી. એન. આજકીયા)** | **(એમ. આર.વજરીયા)** |
| **સ્વતંત્ર સભ્યશ્રી** | **ટેકનીકલ સભ્યશ્રી** | **અધ્યક્ષશ્રી,** |
| | | **ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ** |
| | | **પ.ગુ.વિ.કાં.લી.:ભાવનગર.** |

તારીખ :– ૦૭.૦૧.૨૦૨૦

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar